# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                      તા. ૧૦-૦૫-૨૦૨૨

- **દાહોદ ખાતે કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ સાથે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીની બેઠક.**

કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી સાથે ધારાસભ્યોશ્રીઓની બેઠક પૂર્ણ થયા બાદ વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે. ચાવડાએ બેઠક અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, દાહોદ ખાતે આદિવાસી સત્યાગ્રહ રેલીને સંબોધન કર્યા બાદ કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીએ ગુજરાત કોંગ્રેસના ચૂંટાયેલા ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. ધારાસભ્યો સાથેની બેઠકમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધી સમક્ષ કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓએ પ્રજાને પડતી મુશ્કેલી જેવી કે, અસહ્ય મોંઘવારી, નાના વેપારીઓને હેરાન ગતિ, સ્થાનિક મુદ્દાઓ, આર્થિક હાલાકીઓ, માલધારી સમાજને પડતી મુશ્કેલીઓ વગેરે બાબતે ચર્ચા કરી હતી.

કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓ દાહોદ ખાતે ઐતિહાસીક આદિવાસી સત્યાગ્રહ રેલીને મળેલી સફળતા અંગે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતાશ્રી રાહુલ ગાંધીનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, દાહોદ ખાતેની આદિવાસી સત્યાગ્રહ રેલીમાં જંગી જનસંખ્યામાં ભાઈ-બહેનો ઉમટી પડ્યા હતા. સત્યાગ્રહ રેલીમાં આદિવાસી સમાજ માટે ન્યાય અને અધિકારની લડત, જળ, જંગલ અને જમીન અંગે કોંગ્રેસ પક્ષની લડત માટે તમામ ધારાસભ્યશ્રીઓએ પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. સાથોસાથ આદિવાસી સમાજને પણ કોંગ્રેસ પક્ષમાં મોટા પાયે વિશ્વાસ વ્યક્ત કરીને રેલીમાં જોડાયા હતા. કોંગ્રેસ પક્ષ આગામી દિવસોની અંદર અંબાજી થી ઉમરગામ સુધીમાં 10 લાખ અદિવાસી પરિવારોમાં ઘરે ઘરે જઈને જનસંપર્ક અભિયાન કરશે.

અસહ્ય મોંઘવારી મુદ્દે વાવના ધારાસભ્ય શ્રી ગેનીબેન ઠાકોરે લડત લડવા માટે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ શ્રીમતી પ્રિયંકા ગાંધીને મહિલા સંમેલનમાં ગુજરાત આવવાનું આમંત્રણ આપ્યું હતું.

ગુજરાતમાં સરકારી નોકરીઓમાં મોટાપાયે ગેરરીતિ, વારંવાર પેપર ફૂટવાની ઘટના અને ભ્રષ્ટાચાર સામે યુવાનોના જનઆંદોલનમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીને ફરી ગુજરાત આવવા માટે આમંત્રણ પાઠવ્યું હતું. ધારાસભ્યોના વિવિધ મંતવ્યો સાંભળ્યા બાદ શ્રી રાહુલ ગાંધીજીએ ધારાસભ્યશ્રીઓને જણાવ્યું હતું કે કોઈએ ડર્યા વગર બધા સાથે મળીને ભાજપના કુશાસન, ભ્રષ્ટાચાર સામે મક્કમતાથી લડત આપીશું.જનતા આપણી સામે મોટી અપેક્ષા લઈને વિશ્વાસ મૂકી રહી છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા